# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા-૨/૧૯-૨૦/૫૯૦૨** **તા.૦૫–૦૯–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૧/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **દેશાભાઈ ગોરાભાઇ પરમાર** ગામ: **મોટામાંડવા**

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે પ્રકાશભાઇ દેશાભાઈ પરમાર હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ગોંડલ**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **વી.જી.મારકણા** પીજીવીસીએલ વિભાગીય કચેરી - ગોંડલ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર દેશાભાઈ ગોરાભાઇ પરમાર ગામ -મોટામાંડવા, તેઓની અરજીના નોંધણી નં: ૩૧/ક્વા-૨/૧૯-૨૦,** માં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. –૩૯૭૦૩/૦૦૪૮૨/૨ થી વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણ ના મીટર મા ફોલ્ટ ની જાણ થતા – તા.૨૪–૦૧–૧૮ ના રોજ મીટર બદલાવેલ, જેનુ લેબોરેટરી મા તા.૨૩–૦૨–૧૮ ના રોજ મીટર ચકાસણી કરવામા આવેલ હતી, જેના રીપોર્ટ માં મીટર મા ફોલ્ટ છે, તેમજ રીવર્સ રીડીંગ થયેલ છે, તેમ છતા, માહે જુન–જુલાઈ– ૧૯ ના બીલ માં બાકી રકમ ઉધારવામા આવેલ છે, જે અન્વયે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી દેશાભાઈ ગોરાભાઈ C/o પ્રકાશભાઇ દેશાભાઇ પરમાર રહે મોટામાંડવા ની ફોલ્ટી મીટર ના બીલ બાબતની તા.૦૮.૦૧.૧૮ ની અરજીના અનુસંધાને ના`ઓના રહેણાક કનેકશનમાં તા.૨૪.૦૧.૨૦૧૮ ના રોજ મીટર બદલાવવામાં આવેલ જે મીટર ને તપાસણી અર્થે તા.૨૩.૦૨.૨૦૧૮ નો રોજ લેબ પરીક્ષણ મોકલાવેલ જેમા સદર મીટર ને ટેસ્ટ બેંચ પર લગાવી

ચેક કરતા મીટરમાં રીવર્સ રીડીંગ ચડે છે, આમ સદર મીટર કંપની ફોલ્ટી છે. તેવો અહેવાલ લેબોરેટરી દ્વારા આવેલ છે. પેટા વિભાગીય કચેરી નુ માહે એપ્રિલ-૧૭ થી માર્ચ-૧૮ સમય નું તા.૧૫.૦૧.૨૦૧૯ થી ૩૧.૦૧.૨૦૧૯ દરમ્યાન થયેલ ઓડીટ માં ૮ માસનું (જુન-૧૭ થી જાન્યુ-૧૮) નું GERC નોટિફીકેશન-૨૦૧૫ ના ક્લોઝ નં ૬.૩૩ મુજબ એવરેજ યુનિટ ૧૯૦x૪=૭૬૦-૧૩૭=૬૨૩ યુનિટની રીકવરી કરતા તેની રકમ **₹.**૩૦૯૭.૫૬ અરજદારશ્રી ના ખાતે તા.૨૮.૦૬.૨૦૧૯ ના રોજ ઉધારેલ છે. અરજદાર શ્રી ને માહે ઓક્ટો-નવે-૧૭ માં ૧૯૦ યુનિટ નું લોક એવરેજ બીલ રકમ ₹.૯૮૬.૩૨ આપવામાં આવેલ જે રકમ ₹.૯૮૬.૩૨ માહે ડીસે-જાન્યુ-૧૮ ના બીલમાં જમા આપવામાં આવેલ છે તેથી અરજદારશ્રી ને GERC નોટિફીકેશન-૨૦૧૫ ના ક્લોઝ નં ૬.૩૩ મુજબ ૬ માસ નુ એવરેજ બીલ આપવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી **દેશાભાઈ ગોરાભાઇ પરમાર** ના નામે ગ્રાહક નં. – ૩૯૭૦૩/૦૦૪૮૨/૨ થી ઘરવપરાશના હેતુ માટે વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં વીજ મીટર ટેસ્ટ કરવા માટે, અરજદારે તા.૦૮–૦૧–૧૮ થી સબંઘક પેટા વિભાગીય કચેરીમાં અરજી આપેલ છે. જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૪–૦૧–૧૮ ના રોજ વીજ મીટર પર્ફોમા –૧૫ નંબરઃ જીડીએલ ૫૬૪૨૯ થી બદલાવેલ છે. તે મુજબ જુના મીટર મા છેલ્લા રીડીંગ ૧૭૭ નોંઘાયેલ છે. સદર જુના મીટરની લેબોરેટરી ચકાસણી ગ્રાહક ના પ્રતિનીઘી ની હાજરીમાં તા.૨૩–૦૨–૧૮ ના રોજ કરવામા આવેલ હતી. જેના રીપોર્ટ મુજબ – સદર મીટર છેલ્લા રીડીંગ ૧૭૭ નોંઘાયેલ છે અને રીવર્સ રીડીંગ ચડતા હોય – મીટર ફોલ્ટી છે.

૪.૨ સદર પેટા વિભાગીય કચેરી નુ ઓડિટ ટીમ દ્વારા માહે એપ્રીલ –૧૭ થી માહે માર્ચ–૧૮ ના સમયગાળા નુ તા.૧૫–૦૧–૧૯ થી તા.૩૧–૦૧–૧૯ દરમ્યાન **કરાયેલ** ઓડિટ અન્વયે – સદર ગ્રાહકને માહે જુન–૧૭ થી માહે જાન્યુઆરી–૧૮ નુ નામદાર જીઈઆરસી ના ઘારાઘોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૩૩ મા કરાયેલ જોગવાઈ મુજબનુ સરેરાશ યુનીટ મુજબ ૬૨૩ યુનીટ ની રીકવરી **₹.**૩૦૯૭.૫૬ અરજદારશ્રી ના ખાતે તા.૨૮.૦૬.૨૦૧૯ ના રોજ ઉધારેલ છે.

૪.૩ સદર અરજદાર ગ્રાહક નં. ૩૯૭૦૩/૦૦૪૮૨/૨ ના પી.આર.ટી.–૧૪૫ મુજબ થયેલ વીજવપરાશ ની વિગત નીચે મુજબ છે.

| BILIN PERIOD | CURR-RDG | PAST-RDG | CONSMPTN | MST | BILL-DATE |
|---|---|---|---|---|---|
| DEC,JAN,16 BIL FEB,16 | 1589 | 1449 | 140 | | 03-02-16 |
| FEB,MAR,16 BIL APR,16 | 1739 | 1589 | 150 | | 23-03-16 |
| APR,MAY,16 BIL JUN,16 | 1929 | 1739 | 190 | | 29-05-16 |
| JUN,JUL,16 BIL AUG,16 | 2109 | 1929 | 180 | | 30-07-16 |
| AUG,SEP,16 BIL OCT,16 | 2109 | 2109 | 170 | L | 26-09-16 |
| OCT,NOV,16 BIL DEC,16 | 2519 | 2109 | 410 | | 28-11-16 |
| | | | | | |
| DEC,JAN,17 BIL FEB,17 | 2519 | 2519 | 0 | | 07-02-17 |
| FEB,MAR,17 BIL APR,17 | 2519 | 2519 | 0 | | 31-03-17 |
| APR,MAY,17 BIL JUN,17 | 2519 | 2519 | 0 | | 30-05-17 |
| JUN,JUL,17 BIL AUG,17 | 2519 | 2519 | 0 | | 01-08-17 |
| AUG,SEP,17 BIL OCT,17 | 2519 | 2519 | 0 | | 01-10-17 |
| OCT,NOV,17 BIL DEC,17 | 2519 | 2519 | 190 | L | 04-12-17 |
| DEC,JAN,18 BIL FEB,18 | 138 | 1 | 137 | C(24-01-18) | 12-02-18 |
| FEB,MAR,18 BIL APR,18 | 273 | 138 | 135 | | 09-04-18 |
| APR,MAY,18 BIL JUN,18 | 558 | 273 | 285 | | 15-06-18 |
| JUN,JUL,18 BIL AUG,18 | 763 | 558 | 205 | | 27-07-18 |
| AUG,SEP,18 BIL OCT,18 | 1007 | 763 | 244 | | 23-09-18 |
| OCT,NOV,18 BIL DEC,18 | 1310 | 1007 | 303 | | 06-12-18 |

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૧, ૪.૨ અને ૪.૩ ના અનુસંઘાને, સદર અરજદાર ના સવાલવાળા મીટરમાં ટેકનીકલ ક્ષતિના કારણોસર મીટર ક્ષતિગ્રસ્ત થયેલ હોય, જેથી નામદાર જીઈઆરસી ના ઘારાઘોરણ– એટલેકે

નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૩૩ મા કરાયેલ જોગવાઈ મુજબ – ૬ માસ નુ એવરેજ બીલ આપવાની જોગવાઈ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્રારા માહે જુન–૧૭ થી માહે જાન્યુઆરી–૧૮ સુધી ના સમયગાળા માટે અપાયેલ સવાલવાળુ બીલ નિયમાધીન યોગ્ય છે. જે બીલ ની રકમ અરજદારે નિયમાધીન ભરપાઈ કરવાની રહેશે.

૪.૫ સદર કેઈસ મા, ફોરમ કમિટી દ્રારા મુદદા નં.૪.૪ મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધઃ

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯